# જમીન પર લોન લીધી હોવા છતાં અન્યને વેચી દેવાતાં ફરિયાદ

ઈડર, તા. ૨૯

ઈડર તાલુકાના ગંભીરપુરા ગામની સીમમાં આવેલ જમીનમાં સીરામીક ફેક્ટરીના માલીકે નાણાંકીય નિગમ પાસેથી લોન લીધા બાદ તે ભરપાઈ કર્યા સિવાય અન્યને વેચી દઈ નાણાંકીય નિગમ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. જે અંગેની ફરિયાદ શુક્રવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ઈડરના ગંભીરપુરાની સીમમાં આવેલ સર્વે નં. ૬૭ની ૨.૨૧ ગુંઠા જમીનમાં મોહનપુરાના તળસીભાઈ ભાઈચંદભાઈ પટેલે કિર્તી સીરામીક ફએક્ટરી બનાવવા માટે ગુજરાત નાણાંકીય નિગમ પાસેથી લોન લેવા માટે જમીન અને ફેક્ટરી મોર્ગેજ કરી રૂપિયા ૬૬ લાખ લીધા હતા. જે લોન લાંબા લમય સુધી ભરપાઈ કરી ન હતી.

દરમિયાન તળસીભાઈ પટેલે આ જમીન અને ફેક્ટરી લક્ષ્મણભાઈ ગીરધરભાઈ પટેલને જમીન વેચી દીધી હતી. બાકીની જમીન પણ પોપટભાઈ પટેલને વેચાણ આપી દીધી હતી. દરમિયાન આ અંગે નાણાંકીય નિગમને જાણ થતાં આ જમીન અને ફેક્ટરીનો કબ્જો લઈ તેની હરાજી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ૧૯૮૪ થી આજ દિન દરમિયાન આ ઘટના બની હોવાનું મનાય છે. દરમિયાન શુક્રવારે લક્ષ્મણપુરા ગામના નારણભાઈ ગીરધરભાઈએ તળસીભાઈ ભાઈચંદભાઈ પટેલ વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપીંડી સંદર્ભે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે તરસીભાઈ પટેલે નાણાંકીય નિગમ તથા નારણભાઈ પટેલ સાથે વિશ્વાસઘાત કર્યો છે.



## જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

સાબરકાંઠા જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેક્ટર બંછાનિધિ પાની અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકાના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે પ્રાથમિક શાળામાં ખુટતી સુવિધાઓ, ગામડાઓને જોડતા રસ્તાઓ વિશે પ્રશ્ન પૂછતા જિલ્લા કલેક્ટર બંછાનિધિ પાનીએ અસરકારક આયોજન હાથ ધરવાની સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત કલેક્ટરે ગ્રામસભાઓમાં પડતર પ્રશ્નનો નિકાલ, સરકારી લેણાની વસુલાત, પેન્શનના પડતર પ્રશ્નોનો નિકાલ તેમજ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આવતા પ્રશ્નોના સત્વરે નિકાલ કરવાની અધિકારીઓને તાકીદ કરી હતી.

# મહેસાણામાં શાકભાજીના ભાવ આસમાને

મહેસાણા, તા. ૨૯

મહેસાણા શહેર સહિત ઉત્તર ગુજરાતમાં આમ જનતાએ રોજીંદા ઉપયોગી જીવન જરૂરિયાતની ચીજોપૈકી શાકભાજીના ભાવો આસમાનને આંબી જતાં ગરીબ અને મધ્યમવર્ગની જનતાને જીવન નિર્વાહમાં ભારે મુશ્કેલી ઉભી થઈ છે. વિવિધ શાકભાજી જેવા કે, ગવાર, ભીંડા, ચોળી, ગીલોડી, ડુંગળી, બટાટા, વટાણા, રવૈયા, ટામેટા, ભટ્ટા, કોબીઝ, ફુલાવર, કારેલા, કાકડી, મરચાં, કોથમીર, આદુ, રતાળું, પાલક, સુરણ, તાંદળજો, પરવર, તુરીયું, દુધી, કાળીગંડા વિગેરેમાં છેલ્લા કેટલાક સમયથી ભારે ધરખમ ભાવ વધારો થયો છે.

અગાઉ સસ્તા મળતાં શાકભાજીથી લોકોને રાહત હતી પરંતુ ઉનાળાની મધ્યથી ભાવોમાં અચાનક ઉછાળો આવતાં ગૃહિણીઓના બજેટમાં મોટો ફટકો પડ્યો છે. શાકભાજીના ઉંચા ભાવને કારણે લટકામાં મળતી કોથમીર કે મરચાં પણ હવે ગ્રાહકોને મળતા નથી. અને તેના પણ દામ ચૂકવવા પડે છે. ઉનાળાને લીધે શાકભાજીના ઉતારા ઓછા થયા છે. આ સાથે કેટલાક હોલસેલ વેપારીઓની વધુ નફો રળવાની કુટનીતિને લીધે શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે.

બટાકા - ૨૦રૂ., ફ્લાવર-૮૦ રૂ., રવૈયા-૮૦ રૂ., ટામેટા-૬૦ રૂ., કોથમીર-૧૦૦ રૂ. મરચા-૮૦ રૂ., ગવાર-૯૦રૂ., ભીંડા-૮૦રૂ., ગીલોડી-૮૦રૂ., ડુંગળી-૩૦રૂ., ચોળી-૬૦થી ૮૦રૂ., પેપ્સીકમ મરચાં-૧૦૦ રૂ., કારેલા-૬૦ રૂ., ભટ્ટા-૬૦ રૂ., દુધી-૩૦થી ૪૦રૂ. કોબીજ ૩૦રૂ., કાકડી-૨૦થી ૩૦રૂ.

## તલોદ-ઊંઝા વાયા પ્રાંતિજ બસનો સમય જૂનો રખાતા મુસાફરો હરખાયા

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગામડાઓમાં થઈને સવારના તલોદથી ઊંઝા વાયા પ્રાંતિજ થઈને જતી બસને એસ.ટી. તંત્ર દ્વારા મનસ્વી નિર્ણય લઈ બસનો સમય સવારના વહેલા કરી દેતા વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરો ચિંતામાં મુકાયા હતા. આ અંગે એસ.ટી. તંત્રનું ધ્યાન દોરવા છતાંય કંઈ જ નક્કર પરિણામ ન આવતા પ્રાંતિજ પંથકના લોકોએ પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણને રજુઆત કરી હતી.

રજુઆતને પગલે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણે હિંમતનગર ડિવિઝન ઓફિસ અને ઉચ્ચસ્તરે એસ.ટી. સત્તાવાળાઓનું ધ્યાન દોરી યોગ્ય કરવા જણાવ્યું હતું. તેથી એસ.ટી. તંત્રના અધિકારીઓએ વિદ્યાર્થીઓ અને મુસાફરોના હિતને પગલે પ્રાંતિજથી ઊંઝા જતી બસના સમયને પુનઃ જેમનો તેમ રાખતા મુસાફરો આનંદિત થઈ ઉઠયા છે. વધુમાં પ્રાંતિજ ડેપો અને સ્ટેન્ડ હોવા છતાંય બાળકોને પાસ કઢાવવા માટે દુર જવું પડતું હતું. તંત્રએ સ્કુલ કોલેજના બાળકોના પાસની વ્યવસ્થા માટે ભાખરીયા પાસે નવો પોઈન્ટ ઉભો કરવાની વાતને સ્વીકારી લેતા બાળકોમાં હર્ષની લાગણી છવાઈ જવા પામી હતી.

## દાંતીવાડા ફાયરીંગ વિસ્તાર પર પાંચ વર્ષનો પ્રતિબંધ

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે ફાયરીંગ બટનો વિસ્તારને ગૃહ વિભાગના પરિપત્ર દ્વારા નંબર જીજી/૮૯/૨૦૧૨/એફએપી/૧૨૨૦૧૦/૧૮૫/એથી દાંતીવાડા ફાયરીંગ બટનો વિસ્તાર પાંચ વર્ષ માટે પ્રતિબંધિત થયેલ છે. મનુવર્ષ ફીલ્ડ ફાયરીંગ એન્ડ આર્ટલરી પ્રેકટીશ એક્ટ ૧૯૩૮(૧૯૩૮નો પાંચમો) ની કલમ ૯ની પેટાકલમ ૧ અને ૨ ની અધિકારીની રૂએ ગુજરાત સરકારે વિસ્તારને ફિલ્ડ ફાયરીંગ અને પ્રેક્ટીસ માટે ૧-૧-૨૦૧૩ થી ૩૧-૧૨-૨૦૧૭ માટે નિયત કરેલ છે.

## આજે હિંમતનગરમાં મંદબુદ્ધિના બાળકોની સંસ્થાના મકાનનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની સંસ્થામાં ભણતા અને દેવના દીધેલ બાળકો માટે રહેવા, જમવા અને શિક્ષણ તાલીમ તથા પુનર્વસન માટે મોતીપુરામાં આવેલ સોની સમાજવાડીની બાજુમાં બનાવાયેલ નવીન સંકુલનું રવિવારે ઉદ્‌ઘાટન કરાશે. આ પ્રસંગે મંત્રી રમણલાલ વોરા, પૂર્વ ગૃહમંત્રી પ્રફુલ પટેલ, સાંસદ મહેન્દ્રસિંહજી ચૌહાણ, એનઆરઆઈ સી.કે. પટેલ, ઉદ્યોગપતિ હસમુખભાઈ ઠક્કર, કમલેશભાઈ પટેલ સહિત સહકારી અને રાજકિય અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. એમ એક યાદીમાં પ્રમુખ રામભાઈ પટેલ, ડૉ. વી.એ. ગોપલાણી અને ઉપપ્રમુખ કુંજબિહારીભાઈ પટેલે જણાવ્યું છે.

## પાલનપુર નગરપાલિકાના બેચરપુરા વિસ્તાર ગંદકીમાં ગરકાવ

પાલનપુર, તા.૨૯

પાલનપુર શહેરમાં આવેલ બેચરપુરા વિસ્તારના શિવ શકિત સોસાયટીમાં ગંદા પાણીના નિકાલ માટે બે વર્ષ અગાઉ પાઈપ લાઈન નાંખવામાં આવી હતી. જે પાઈપો નિયમોનુસાર ઉંડાઈમાં ન નંખાતા તંત્રની અણ આવડતના કારણે સરખો ઢાળ ન હોવાના કારણે ભરાઈ જવા પામી છે. જયારે આ પાઈપ લાઈન પરથી અનેક વાહનો પસાર થાય છે. જેથી ગંદા પાણીની ગટર લાઈન તુટી જતા ગંદકી ભરેલું પાણી માર્ગ પર આવી જવા પામે છે. છ માસ અગાઉ અનેક રજુઆતો કરવા છતાં સેનેટેશનમાં સ્ટાફે ધ્યાને ન લેતા ગટરના ગંદા પાણી સોસાયટીના માર્ગ પર રેલાતા સમગ્ર વાતાવરણ ગંદકીમય બની જવા પામ્યું છે. સ્થાનિક રહીશોને રહેવું અને ચાલવું પણ મુશ્કેલ બન્યુ છે. રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. પરંતુ પાલિકાના સેનેટેશન વિભાગ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. જેના કારણે ગંદકી રોજે રોજ વધવા લાગતાં સ્થાનિકોમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતી સર્જવા પામી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# ડાવસના સરપંચને સસ્પેન્ડ કરવાના ડીડીઓના હૂકમ સામે મનાઈ હૂકમ

ડીસા, તા. ૨૯

ડીસા તાલુકાના ડાવસ ગામે પટેલના ખેતરમાં ભાગે ખેતી કરતા દલિત ઈસમ સાથે વાડની બાબતે ઝઘડો કરી ઓરડી સળગાવવાના આક્ષેપ સાથે સરપંચ અને તેમના બે પુત્રો વિરૂદ્ધ ડીસા રૂરલ પોલીસમથકે ગુનો દાખલ થયા બાદ ધરપકડ થઈ હતી. જેમાં સરપંચ ૯ દિવસ સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં રહેતા જિલ્લા વિકાસ અધિકારીએ સરપંચને હોદ્દા પરથી સસ્પેન્ડ કરી દીધા હતા. પરંતુ સરપંચે જિલ્લા વિકાસ અધિકારીના હૂકમ સામે ગુજરાત રાજ્યના વિકાસ કમિશ્નર સમક્ષ ઘા નાખતા તેમણે જિલ્લા વિકાસ અધિકારીના હૂકમ સામે મનાઈ હૂકમ આપ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના ડાવસ ગામે એક પટેલના ખેતરમાં દાંતિવાડા તાલુકાના ભાકોદર ગામનો કાનાભાઈ હીરાભાઈ ભાગીયા તરીકે ખેતી કરતો હતો. ગત તા. ૩ મે ૨૦૧૩ના રોજ રાત્રીના સુમારે બાજુમાં ખેતર ધરાવતા ગામના સરપંચ નરસંગજી વિહાજી વડગામા (ઠાકોર) અને તેમના પૂત્રો રમેશજી વરસંગજી ઠાકોર અને પોપટજી નરસંગજી ઠાકોરે દલિત ખેત મજૂર કાનાભાઈ સાથે ખેતરની વાડ બાબતે ઝઘડો કરી રહેણાંક ઓરડીમાં આગ લગાવી જાતિ અપમાનિત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાના ક્ષેપ સાથે સરપંચ અને તેમના પુત્રો વિરૂદ્ધ ડીસા રૂરલ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા તેમની ધરપકડ કરી જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલ્યા હતા તેઓ તા. ૫ મે થી તા. ૧૪મે સુધી જેલમાં રહેતા તેમની સામે નૈતિક અધઃપતનના મામલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપંચ નરસંગજી ઠાકોરને સરપંચના હોદ્દા પરથી સસ્પેન્ડ કરી દીધા હતા.

આથી સરપંચ આ હૂકમ સામે તેમના વકીલ મારફતે અધિક વિકાસ કમિશનર ગાંધીનગર સમક્ષ વિવાદ અરજી દાખલ કરતાં અધિક વિકાસ કમિશ્નરે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૯(૩) અન્વયે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીના હૂકમ સામે વચગાળાનો મનાઈ હૂકમ આપી વિવાદ અરજીની સુનાવણી તા. ૧૭-૭-૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ છે.

# પૃથ્વીપુરા પાસે બસ પલટી ખાઈ જતાં આઠને ઈજા

હિંમતનગર, તા. ૨૯

ઈડર તાલુકાના પૃથ્વીપુરા પાસેથી શનિવારે પસાર થતી એસટી નિગમની એક બસ સામેથી આવતા બળદગાડાને સાઈડ આપવા જતાં પલટી ખાઈ ગઈ હતી. જેથી બસમાં બેઠેલા આઠ મુસાફરોને ઈજા થતાં સારવાર માટે ઈડર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં બે મુસાફરોને ગંભીર ઈજા થઈ હોવાનું જણાતાં તેમને વધુ સારવાર માટે હિંમતનગર લઈ જવાયા હતા.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ઈડર ડેપોની બસ નં. જીજે-૧૮-વાય-૪૫૯૫ના ચાલક મુળસિંહ વાઘસિંહ ચૌહાણ બસ લઈને ઈડરથી વાયા દરામલી, ભદ્રેસર થઈ જતી બસ પૃથ્વીપુરા નજીકથી શનિવારે સવારના સુમારે પસાર થઈ રહી હતી ત્યારે અચાનક સામેથી આવતા બળદગાડાને રોડ પર સાઈડ આપવા બસના ચાલકે પ્રયાસ કરતા બસ રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે બસમાં બેઠેલા આઠ મુસાફરોને ઈજા થતાં તરત જ ૧૦૮ મારફતે ઈડર સિવિલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબ ડૉ. ગઢવીએ સારવાર આપવાનું શરૂ કર્યુ હતું. જેમાં વલીભાઈ પુંજાભાઈ મનસુરી (કંડકટર) અને બલવંતજી ડાહ્યાજી ઠાકરડાને વધુ ઈજા થઈ હોવાનું જણાતા તેમને હિંમતનગર મોકલી આપ્યા હતા.

# ગાડી લઈ આવતા શખ્સો દ્વારા વિદ્યાર્થીઓને ઉઠાવી જવાના ભયથી લોકોમાં ફફડાટ

ઊંઝા, તા. ૨૯

ઊંઝા નજીક ઉનાવા-પળી વચ્ચેના માર્ગ પર છેલ્લા ત્રણેક દિવસથી મોટરકારમાં આવતા કોઈ તત્વો શાળાએથી તેમજ ટ્યુશનેથી પ્રતાપગઢ ઘેર જતા એકલ દોકલ બાળકોને ગાડીમાં ઉઠાવી જવાની તથા તીક્ષ્ણ હથિયાર વડે ઈજા પહોંચાડવાની કોશીશ કરી રહ્યા હોઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભયની લાગણી ફેલાઈ છે.

ઊંઝા નજીકના ઉનાવાથી પળી વચ્ચેના માર્ગ પર ઉનાળાનું પેટા પરૂ પ્રતાપગઢ આવેલ છે. જેમાં મુખ્યત્વે ચૌધરી જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. પ્રતાપગઢના કેટલાયે બાળકો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ અભ્યાસઅર્થે પગપાળા તેમજ સાયકલ પર ઉનાવા શાળાએ આવ-જા કરે છે. છેલ્લા ત્રણેક દિવસથી ઉનાવા-પળી વચ્ચેના પાકા માર્ગ પર ખાનગી મોટરકારમાં આવતા કોઈ તત્વો બપોરના સમયે શાળાએથી તથા ટ્યુશનેથી પરત ઘેર જતા એકલ દોકલ બાળકને ડરાવીને ગાડીમાં ઉપાડી જવાની કોશીશ કરી રહ્યા હોઈ બાળકો અને વાલીઓમાં ભયની લાગણી ફેલાઈ છે.

દરમિયાન આજે સવારે મોટરકારમાં આવેલ કોઈ અજાણ્યા શખ્સે શાળાએ જઈ રહેલ એક બાળકને તીક્ષ્ણ હથિયાર વડે ઈજા કરી હોવાનો કિસ્સો ચર્ચાસ્પદ બન્યો છે. જો કે આ બાબતે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાયેલ નથી.



ડીસા તાલુકાના દામા રામપુરા ગામે આવેલ મહંત શ્રી કે.ડી આદર્શ હાઈસ્કૂલ દ્વારા ઉત્તરાખંડમાં પુર હોનારત માં મોતને ભેટેલા શ્રદ્ધાળુઓ તેમજ અન્ય મૃતકોના આત્માને શાંતી મળે તે માટે સુંદરકાંડ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમાં સંતો, મહંતો, શાળાના બાળકો, શિક્ષકો અને ગામના અગ્રણીઓ હાજર રહી મૃતકોને શ્રદ્ધાંજલી પાઠવી હતી. (કાન્તિલાલ લોધા)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો
એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ,
સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે,
ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### પાટણ

| | | |
|---|---|---|
| જીરુ | ૨૧૫૨ | ૨૨૪૫ |
| વરીયાળી | ૭૮૧ | ૧૩૫૦ |
| જુવાર | ૨૮૦ | ૪૦૦ |
| રાયડો | ૫૬૬ | ૫૬૭ |
| એરંડા | ૬૬૦ | ૬૮૮ |
| ઘઉ | ૨૯૮ | ૪૨૦ |
| બાજરી | ૨૨૦ | ૨૮૪ |
| બંટી | ૩૫૦ | ૩૯૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |

### વિજાપુર

| | | |
|---|---|---|
| વરિયાળી | ૧૧૭૦ | |
| એરંડા | ૬૭૦ | ૬૯૪ |
| બાજરી | ૨૨૧ | ૨૯૬ |
| ઘઉ | ૨૯૦ | ૩૯૦ |
| જુવાર | ૩૪૦ | ૩૮૭ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૬૭ |

### કૂકરવાડા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૭ | ૬૯૨ |
| બાજરી | ૨૨૫ | ૨૩૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૫ |
| જુવાર | ૨૯૦ | ૪૦૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૨૬ |
| રજકો | ૧૦૦૦ | ૧૧૦૦ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૫ |
| બાજરી | ૨૨૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| ઘઉ | ૩૧૦ | ૩૫૦ |
| ગવાર | ૮૦૦ | ૧૨૬૦ |
| વરીયાળ | ૧૨૦૦ | ૧૪૦૦ |

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૩૦ | ૮૫૩ |
| એરંડા | ૬૭૮ | ૬૮૮ |
| ઘઉ | ૨૯૫ | ૩૨૨ |
| બાજરી | ૨૨૦ | ૨૯૫ |
| ગવાર | ૭૦૧ | ૧૨૯૪ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવન | ૩૦૭ | ૩૩૦ |
| ઘઉં | ૩૨૦ | ૩૬૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૯ |
| મગ | ૭૦૦ | ૧૦૦૦ |
| મગફળી | ૬૭૯ | ૭૧૫ |
| એરંડા | ૬૫૫ | ૬૬૫ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૫ | ૨૯૪ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૬ |
| ડાંગર | ૨૨૭ | ૨૮૫ |
| એરંડા | ૬૬૧ | ૬૭૪ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૫૩ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૬૫ |
| જુવાર | ૩૫૦ | ૩૮૭ |
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૦ | ૨૮૦ |
| એરંડા | ૬૬૦ | ૬૭૨ |
| ગવાર | ૯૪૦ | ૧૩૪૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૩૪૦ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૫ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૦ | ૮૪૪ |
| એરંડા | ૬૮૫ | ૬૯૯ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૧ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૬ |
| ગવાર | ૯૦૦ | ૧૨૫૧ |
| બાજરી | ૨૭૦ | ૨૭૬ |
| ચણા | ૬૦૦ | ૬૧૦ |
| મગ | ૮૦૦ | ૧૦૦૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૬ |
| રાયડો | ૫૭૦ | ૬૧૦ |
| ગવાર | ૯૩૭ | ૧૩૦૫ |
| ઘઉં | ૨૮૦ | ૪૦૦ |
| બાજરી | ૧૮૪ | ૨૨૫ |
| જુવાર | ૩૩૬ | |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૨૦ | ૨૬૮૬ |
| વરીયાળી | ૬૯૦ | ૨૪૬૦ |
| ઈ.ગુલ | ૧૨૨૫ | ૧૪૫૦ |
| રાયડો | ૫૭૦ | ૬૫૧ |
| તલ | ૧૮૭૬ | ૨૨૫૦ |
| મેથી | ૫૫૧ | |
| સરસવ | ૬૫૬ | |
| સવા | ૬૨૫ | ૭૫૦ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉ | ૨૯૦ | ૩૫૧ |
| બાજરી | ૨૫૫ | ૨૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૫૧ |
| એરંડા | ૬૩૪ | ૬૪૦ |
| જુવાર | ૩૦૮ | ૩૮૭ |
| રાયડો | ૫૫૫ | ૫૫૯ |
| જીરુ | ૨૨૦૫ | ૨૪૫૧ |
| તલ | ૧૯૨૦ | ૨૦૪૪ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૭૦ |
| બાજરી | ૨૧૫ | ૨૯૧ |
| એરંડા | ૬૬૦ | ૬૯૦ |
| ગવાર | ૮૫૧ | ૧૨૪૩ |

### (પાટણ - ચાલુ)

| | | |
|---|---|---|
| જુવાર | ૨૩૫ | ૫૯૪ |
| જીરૂ | ૨૩૫૫ | ૨૩૯૪ |
| રાયડો | ૫૨૩ | ૬૯૬ |
| રજકો | ૧૪૦૦ | ૨૬૬૦ |
| બંટી | ૩૭૦ | ૩૭૫ |

### માણસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૯૮ | ૫૯૯ |
| એરંડા | ૬૬૦ | ૬૬૩ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ઘઉં | ૩૦૭ | ૩૫૭ |
| બાજરી | ૨૧૧ | ૨૮૧ |
| જુવાર | ૩૦૦ | ૪૭૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| મગફળી | ૪૦૦ | ૮૦૦ |
| એરંડા | ૬૬૦ | ૬૬૭ |
| બાજરી | ૨૫૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૨૯ |
| ઘઉં | ૩૩૦ | ૩૪૦ |
| ગવાર | ૯૦૦ | ૧૩૫૧ |
| વરીયાળી | ૯૦૦ | ૭૪૧ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૮૧૬ |
| બાજરી | ૨૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૦ |
| ગવાર | ૮૦૦ | ૧૨૭૪ |
| એરંડા | ૬૬૦ | ૬૭૨ |

### બાયડ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૫ | ૨૭૩ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| ઘઉ | ૩૧૦ | ૩૬૦ |
| એરંડા | ૬૪૫ | ૬૬૫ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૦૦ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૧૫ |
| એરંડા | ૬૫૦ | ૬૮૫ |
| બાજરી | ૨૨૨ | ૨૯૧ |
| ઘઉં | ૨૯૦ | ૪૧૭ |
| ગવાર | ૮૫૦ | ૧૨૧૭ |
| ચણા | ૫૫૦ | ૫૯૧ |
| અડદ | ૫૦૦ | ૬૨૫ |
| જીરુ | ૨૧૦૦ | ૨૫૨૨ |
| સવા | ૬૦૦ | ૬૯૬ |

### બાવળા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| ઘઉં | ૩૩૧ | ૩૭૧ |
| ઘઉં | ૩૪૪ | |
| એરંડા | ૬૫૩ | ૬૬૭ |
| મગ | ૬૭૪ | ૧૦૨૫ |
| રાઈ | ૫૧૦ | ૫૩૦ |
| મેથી | ૫૮૦ | |
| મઠ | ૫૪૧ | |
| જુવાર | ૩૪૪ | |
| બાજરી | ૩૨૨ | |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૬૭ |
| બાજરી | ૨૦૭ | ૩૧૧ |
| જુવાર | ૩૫૦ | ૫૧૯ |
| ગવાર | ૭૦૧ | ૧૨૬૯ |
| રાયડો | ૫૬૦ | ૬૨૪ |
| રજકો | ૧૫૦૦ | ૨૨૭૧ |
| એરંડા | ૬૬૫ | ૬૯૨ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૮૧૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ડાંગર | ૨૯૦ | ૩૨૫ |
| ડાંગર ગુજ. | ૩૦૦ | ૩૫૦ |

### ઇડર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૨ |
| બાજરી | ૨૫૬ | ૨૫૭ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૨ |
| મગ | ૯૫૦ | ૧૦૦૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| એરંડા | ૬૬૫ | ૬૭૨ |
| મેથી | ૬૦૦ | ૬૧૩ |

### આંબલિયાસણ

| | | |
|---|---|---|
| ઘઉ | ૨૯૦ | ૩૩૫ |
| બાજરી | ૧૯૧ | ૨૮૦ |
| એરંડા | ૬૫૪ | ૬૭૧ |
| રાયડો | ૫૯૩ | ૬૦૯ |
| ગવાર | ૯૫૧ | ૧૨૭૯ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉ | ૨૭૧ | ૩૬૯ |
| બાજરી | ૨૧૨ | |
| એરંડા | ૬૬૦ | ૬૭૭ |
| રાયડો | ૫૯૨ | ૬૦૦ |
| ગવાર | ૮૮૦ | ૧૦૯૬ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| ઘઉ | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૨૫ | ૨૮૦ |
| ડાંગર | ૩૨૦ | ૩૩૦ |
| ડાંગર | ૩૩૦ | ૩૫૦ |

### ગોઝારીયા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૧૨ |
| એરંડા | ૬૨૫ | ૬૮૯ |
| બાજરી | ૨૯૦ | ૩૦૦ |
| ઘઉ | ૩૦૦ | ૩૪૯ |
| જુવાર | ૩૫૦ | ૩૭૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૧૯ |